હાશ... લગ્ન સિઝન પૂરી

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આજથી ગ્રામપંચાયતના ચુંટણીજંગમાં વાતાવરણ જામશે

## ઉમેદવારો-ટેકેદારોએ લગ્નના અવસરને ચુંટણી પ્રચારનું માધ્યમ બનાવ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

આજે મંગળવાર તા.૧૪ ડિસેમ્બરથી શુભમુહુર્ત ઉપર બ્રેક વાગશે એ સાથે જ લગ્નસરાના અવસરની સિઝન પૂરી થઈ છે. પાછલા ૧૦ વર્ષમાં નહિ યોજાયા હોય તેટલા લગ્નો છેલ્લા ૧ મહિના દરમ્યાન યોજાઈ ગયા. મોટાભાગે કોઈ એવું ગામ નહિ હોય જ્યાં શરણાઈના સૂર સાંભળવા મળ્યા ન હોય. કોરોનાના કારણે ગતવર્ષે લગ્નના અવસરો મુલત્વી રહ્યા હતા. આ વર્ષે ગોર મહારાજે લગ્નના અનેક સારા મુહુર્ત નીકળતાં ઠપ થઈ ગયેલા મંડપ, કેટરસ, બ્યુટી પાર્લર, જવેરી, કરીયાણા, કાપડ બજાર વગેરેને નવો બૂસ્ટર ડોઝ મળ્યો છે. લગ્નસરાની સિઝન દરમ્યાન ગ્રામ પંચાયતના ચુંટણીજંગની જાહેરાત થઈ જેથી ઉમેદવારો અને ટેકેદારો પ્રચાર કર્યામાં મુશ્કેલી અનુભવતા હતા. ઉમેદવારો-ટેકેદારોએ લગ્નના અવસરને ચુંટણીનું પ્રચાર માધ્યમ બનાવ્યું છે કેટલાંક લગ્નના યજમાનોને ગમ્યું કે ન ગમ્યું તેની પળોજનમાં પડવું નથી. પરંતુ હવે લગ્નનો મહાકુંભ પુરો થયા પછી ગ્રામપંચાયતના ચુંટણીજંગમાં પ્રચારનું ઠપ થઈ ગયેલું વાતાવરણ ફરી ધમધમતું થશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના ૧૪ તાલુકાની ૫૫૮ ગ્રામપંચાયતનો ચુંટણી જંગ જાહેર થતાં રાજકીય ગરમાવો જોવા મળ્યો. આવતા વર્ષે વિધાનસભાની ચુંટણી યોજાવાની હોવાથી ગ્રામપંચાયતના ચુંટણીજંગનું મહત્વ અનેકગણું વધી ગયું છે. ચુંટણી આયોગ દ્વારા સરપંચપદના ઉમેદવારને વધુમાં વધુ ૪૫૦૦૦ના ખર્ચની જોગવાઈ જાહેર કરી છે પરંતુ ગ્રામપંચાયતના સરપંચના જંગમાં ઉમેદવારને રૂા.૫ થી ૨૫ લાખ સુધીનો ખર્ચ થતો હોય છે.

દારૂની રેલમછેલ અને મતદારોને પ્રલોભન આપવા એ સામાન્ય બાબત બની ગઈ છે. ત્યારે અત્યાર સુધી ચુંટણી કાર્યાલય ખોલી વિશાળ સમર્થકોની રાહ જોતાં ઉમેદવારોને લગ્નના અવસરના કારણે નિરાશા મળી પરંતુ આજથી શરણાઈના સૂર રેલાતા બંધ થઈ જશે અને દરેક ગ્રામપંચાયતોના ચુંટણીજંગમાં હવે ગરમાવો આવી શકે તેવી સંભાવના વધી છે. જિલ્લાની બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, ભિલોડા અને મોડાસા તાલુકાની ગ્રામપંચાયતોના ચુંટણીજંગમાં ટેકેદારોનો જમાવડો, તાપણાં અને ચારરસ્તાની જાફત ઉડવા લાગશે. જોકે લગ્નના અવસરના કારણે ચુંટણી લડતા ઉમેદવારોને હમણાં સુધી વધુ ખર્ચ કરવો પડ્યો નથી પરંતુ હવે પછી ચુંટણીના પ્રચાર પડઘમ શાંત ન થાય ત્યાં સુધી મતદારોને અને ટેકેદારોને સાચવવા આકરી મહેનત કરવી પડશે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના હવામાનમાં પરોઢથી એકાએક પલટો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ડિસેમ્બરના મધ્યમાં ફરીએકવાર હવામાનમાં પલટો આવતાં વેપારી-ખેડૂતોની ચિંતા વધી છે. વાદળછાયા વાતાવરણના કારણે અને પાકમાં રોગચાળો વકરે અને ખેડૂતો બરબાદ થઈ જાય તેવી દહેશત ઉભી થઈ છે. જિલ્લામાં ૩ લાખ હેક્ટરથી વધુ જમીનમાં રવી અને બાગાયત પાકનું વાવેતર થયું છે ત્યાં હવામાન પલટાવથી ખેડૂત

## આકાશમાં વાદળો ઘેરાતાં વેપારી, ખેડુતોની ચિંતા વધી

પરીવારો માટે ચિંતાનું દ્વાર ખુલ્યું છે. સમગ્ર વિશ્વમાં પર્યાવરણ વધુ દૂષિત થતાં તેની ગંભીર અસરો અનેક સ્વરૂપમાં જોવા મળે છે. વિદાય લેતા ડિસેમ્બર મહિના આરંભે કમોસમી માવઠાએ ખેડૂતોને હેરાન પરેસાન કરવાની સાથે કેટલાંક ખેડૂતો બરબાદ થયા છે. જ્યારે સતત વાદળછાયા વાતાવરણના કારણે ખેતીપાકમાં રોગચાળો વકરવાની દહેશત ઉભી થઈ અને ત્યાર પછી આકાશ સ્વચ્છ થતાં ધરતીપુત્રોને રાહત જણાઈ. છેલ્લા ૩ દિવસથી ઠંડીનો ચમકારો વધતાં રવી વાવેતર વધવાની સંભાવના હતી પરંતુ તા.૧૩ ડિસેમ્બરથી ફરી એકવાર જિલ્લાના ખેડૂતોના માથે કમોસમી માવઠાનું સંકટ હાવી થયું છે. જિલ્લાના તમામ વિસ્તારોમાં ચોમાસા જેવા વાદળો ગોરંભાયેલા જોવા મળતાં ખેડૂતો ચિંતિત જણાયા. જો કમોસમી માવઠું વરસે તો રવી વાવેતરને નુકસાન થવાની સાથે સૂકો ઘાસચારો ભીંજાઈ જવાની દહેશત ઉભી થઈ છે.



વડાગામમાં બાલનાથ મહાદેવ ખાતે ભારતીય જનતા પાટી દ્વારા દિવય કાશી ભવ્ય કાશી ઉજવણી ભાગ રુપે વડાગામ ભારતીય જનતા પાટીના કાર્યકર્તા અને ગામનો દ્વારા જલાભિષેક કાર્યક્રમ યોજાયો હતો

# બાયડ તાલુકામાં સૌથી વધુ ૫૪ મતદાન મથક અતિસંવેદનશીલ

## અરવલ્લી જિલ્લાની ૧૮૯ ગ્રામપંચાયતોમાં જામશે ચૂંટણીનો મહાસંગ્રામ : ૧૧૪ મતદાન મથક અતિસંવેનિશીલ જાહેર કરાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

અરવલ્લી જિલ્લાની ૭ ગ્રામપંચાયત સંપૂર્ણ સમરસ જાહેર થયા પછી ૧૮૯ ગ્રામ પંચાયતોમાં તા.૧૯ ડિસેમ્બરે ચુંટણીનો મહાસંગ્રામ યોજાશે. જે ગ્રામ પંચાયતોમાં ચુંટણી યોજાવાની છે ત્યાંના રીપોર્ટના આધારે જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા સંવેદનશીલ-અતિસંવેદનશીલ મતદાન મથકો જાહેર કરાયા છે. જિલ્લાના ૬ તાલુકાના ૧૧૪ મતદાન મથક અતિસંવેદનશીલ, જ્યારે ૧૪૪ મતદાન મથક સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. આવા મતદાન મથકો ઉપર સઘન સુરક્ષા પ્રબંધ ઉભો કરવામાં આવ્યો છે.

રાજ્યમાં એકસાથે મતદાન પૂર્ણ કરતી ગ્રામપંચાયતોની ચુંટણી યોજાવાની છે. અરવલ્લી જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા નિષ્પક્ષ અને ન્યાયિક ચુંટણી માટે તૈયારીઓ શરુ કરવામાં આવી છે. શુકવારથી ચુંટણી કામગીરીમાં મુકવામાં આવેલ કર્મચારીઓ માટે વિશેષ બે તબક્કાની તાલિમો શરુ કરવામાં આવી છે. અરવલ્લી જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, ભિલોડા, માલપુર અને મેઘરજ તાલુકામાં મતદાન પૂર્ણ કરતી તેમજ પેટા ચુંટણી યોજાવાની છે તેવી ગ્રામપંચાયતોમાં બેલેટ પેપરથી તા.૧૯ ડિસેમ્બરના મન યોજાશે ત્યારે દરેક મતદાન મથકો ઉપર મતદારો કોઈપણ પ્રકારના ભય વગર નર્ભયી બનીને મતદન કરી શકે તે માટેની તંત્રએ તૈયારીઓ કરી છે.

સ્થાનિક મામલતદાર કચેરી તેમજ પોલિસના રીપોર્ટના આધારે જ્યાં ચુંટણી યોજાવાની છે તે ગ્રામ પંચાયતોના મતદાન મથકોને સંવેદનશીલ અને અતિસંવેનિશીલ જાહેર કરી સંપૂર્ણ રીપોર્ટ રાજ્ય ચુંટણી આયોગને મોક્લવામાં આવ્યા છે. જ્યારે બાયડ તાલુકામાં સૌથી વધુ મતદાન મથકો અતિસંવેદનશીલ અને સંવેદનશીલની શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે. કેટલીક ગ્રામ પંચાયતોમાં તમામ મતદાન મથકોને સંવેદનશીલ જાહેર કર્યાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# ઉત્તર ગુજરાતમાં એક જ દિવસમાં કોરોના પોઝિટિવ ત્રણ કેસ

## ૬૦ હજાર લોકોને કોરોના વેક્સિનેશન મહેસાણા જિલ્લામાં કોરોના સંક્રમણ વધવાની દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

ઉત્તર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સમયે જામતા મેળાવડાઓ વચ્ચે કોરોનાનું સંક્રમણ વધ્યું છે. પાછલા ૨૪ કલાકમાં ઉત્તર ગુજરાતના મહેસાણામાં કોરોના પોઝિટિવ ૩ કેસ નોંધાતાં અન્ય જિલ્લામાં ચિંતા વધી છે. એક જ દિવસમાં ૫ જિલ્લામાં ૫૯,૮૧૮ લોકોને કોરોનાની રસી આપવામાં આવી છે. જે રીતે કોરોનાનું સંક્રમણ ફરીથી વકરી રહ્યું છે તે જોતાં યોગ્ય તકેદારી રાખવામાં નહીં આવે તો ઉત્તર ગુજરાતમાં ફરીથી સક્રમણ હાવિ થવાની દહેશત છે.

કોરોનાના નવા સ્વરુપ ઓમિકોનના વેરિએન્ટની રાજ્યમાં પક્કડ મજબૂત થતી જતી હોવાથી સરકાર અને આરોગ્ય વિભાગ હરક્તમાં આવ્યું છે. વિદેશથી આવનારા મુસાફરો ઉપર ખાસ નજર ટેકવી ક્વોરન્ટાઈનનું સંપૂર્ણ પાલન કરવા માટે સૂચના આપવામાં આવી છે.

ઉત્તર ગુજરાતમાં કોરોના વાયરસનું સંક્રમણ ફરીથી વકરી રહ્યું હોય તેમ ચિંતાજનક રીતે કેસ નોંધાઈ રહ્યા છે. સંક્રમિતોની સંખ્યા રાજ્યમાં વધતી હોવાથી ત્રીજી લહેરની તૈયારીઓની આગોતરી તૈયારીઓ થઈ રહી છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં દિપાવલીના તહેવારો પછી નવા સંક્રમિત કેસ ધીરે ધીરે બહાર આવી રહ્યા છે. સંક્રમણ અટકાવવા માટે આરોગ્ય વિભાગે વેક્સિનેશન ઉપર તમામ તાકાત કામે લગાડી હોવા છતાં નવા કેસના કારણે ચિંતા વધી છે.

ઉત્તર ગુજરાતના મહેસાણામાં ૨૪ કલાકમાં ૩ પોઝિટિવ કેસ બહાર આવવાના કારણે હડકંપ મચ્યો છે.

આગામી સમયમાં અન્ય જિલ્લામાં પણ પોઝિટિવ કેસ બહાર આવે તેવી દહેશત વ્યક્ત થઈ છે. કોરોનાનું સંક્રમણ રોકવા માટે ઉત્તર ગુજરાતમાં આરોગ્ય વિભાગ દ્વારા ૫૯,૮૧૮ લોકોને કોરોનાની રસી આપી સંક્રમણથી સુરક્ષિત રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.




ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લા દ્વારા દિવ્ય કશી...ભવ્ય કાશી... અંતર્ગત કાર્યક્રમનું હિંમતનગર શહેરના સિદ્ધિવિનાયક મંદિર ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે લાઈવ પ્રસારણ ના પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લાના સાધુ-સંતો તેમજ બ્રહ્માકુમારીઝ ની બહેનોનું પણ સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ કું.કૌશલ્યાકુવરબા પરમાર, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જીલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા, મહેન્દ્રસિંહ રહેવર, મહિલા મોરચાના પ્રમુખ નીલાબેન પટેલ, પાલિકા પ્રમુખ યતીનબેન મોદી, યુવા મોરચાના પ્રમુખ રાહુલ પટેલ વગેરે મોટી સંખ્યામાં કાર્યકરો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, વિવિધ મોરચાના હોદેદારો રહેલ. મંદિરમાં પૂજા- આરતી તેમજ સંતો દ્વારા અભિષેક કરવામાં આવેલ

# હિંમતનગર સિવિલના પહેલા માળેથી આધેડની મોતની છલાંગ

## બિમારીથી કંટાળી પડતું મુક્યાની ચર્ચા

બાયડ, તા. ૧૩

હિંમતનગર સિવિલ હોસ્પિટલના પહેલા માળે પેટની બિમારીથી સારવાર લેતા પ્રાંતિજ તાલુકાના રામપુરાસાંપડ ગામના ૪૫ વર્ષિય આધેડે મોતની છલાંગ લગાવી આત્મહત્યા કરતાં અરેરાટી વ્યાપી છે. બિમારીથી કંટાળી આધેડે પડતું મુક્યાની ચર્ચાઓ શરૂ થઈ છે. ઘટનાની જાણ થતાં એ-ડીવીઝન પોલીસે સ્થળ ઉપર પહોંચી મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટેની કાર્યવાહી હાથ ધરી હતી.

સાંબરકાંઠાના હિંમતનગરમાં આત્મહત્યાના બનાવોએ ખાસ્સી ચર્ચા જગાવી છે. હિંમતનગરના વિસ્તારમાં ૯ વર્ષની બાળકીએ ફાંસી ખાઈ જીવન ટૂંકાવ્યાની ઘટના પ્રજાના માનસપટ ઉપર છવાયેલી છે ત્યાં હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં પહેલા માળેથી કૂદકો મારી મોત વ્હાલુ કરતાં ચકચાર મચી છે.

ઘટનાની પ્રાપ્ત જાણકારી મુજબ પ્રાંતિજ તાલુકાના રામપુરસાંપડ ગામના ચંપુસિંહ ભાથીસિંહ રકાઠોડને પેટની બિમારીના કારણે ગત તા. ૧૦ના રોજ હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર ચાલી રહી હતી. જે સમયે રવિવારની સવારે કોઈપણ કારણોસર પહેલા માળેથી મોતની છલાંગ લગાવતા સનસનાટી મચી હતી. વોર્ડમાં દાખલ હતો તે સમયે પરિવારનો કોઈ સભ્ય તેમની સાથે ન હોવાની વિગતો સામે આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બિમારીની સારવાર છતાં તેને કોઈ રાહત થઈ ન હોવાના કારણે આત્મહત્યા સુધીનું પગલું ભર્યાનું જાણવા મળ્યું છે.

# પરીક્ષા કેન્દ્રો રદ થતાં ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓને હાલાકી

## બાયડમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ, ચોઈલા ધો.૧૦નું રદ્ પરીક્ષા કેન્દ્ર શરુ કરવા માંગ : શિક્ષણ વિભાગ સમક્ષ મંડળ દ્વારા રજૂઆત થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

અરવલ્લીના બાયડમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ચોઈલાનું ધો.૧૦નું રદ્ કરાયેલું પરીક્ષા કેન્દ્ર ફરી શરુ કરવા વિદ્યાર્થી-વાલીઓએ માંગ કરતાં મંડળ દ્વારા શિક્ષણ વિભાગ સમક્ષ રજુઆત કરવાનો નિર્ણય લેવાયો છે. પરીક્ષા કેન્દ્રો રદ્ થતાં ૨ વર્ષે ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર નવરચિત અરવલ્લી જિલ્લામાં બાયડ તાલુકો શિક્ષણક્ષેત્રે અગ્રેસર રહ્યો છે પરંતુ બોર્ડ પરીક્ષા આવે ત્યારે પરીક્ષા કેન્દ્રોને બદનામ કરવાના હીન પ્રયાસ થતા રહ્યા છે. બાયડ તાલુકામાં વિજ્ઞાન પ્રવાહ ધરાવતી શાળાઓના વિદ્યાર્થીઓ બાયડને ફાળવવામાં આવેલા ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા આપતા હતા. પરંતુ ફરી એકવાર વિજ્ઞાન પ્રવાહનું કેન્દ્ર વર્ષ-૨૦૧૮માં રદ્ કરવામાં આવ્યું. બોર્ડમાં પરીક્ષા કેન્દ્ર અંગે ફરિયાદી કરનાર વાલી અને વિદ્યાર્થીનીએ પણ પોતાના નિવેદન આપ્યા હતા અને તે નિવેદનના આધારે પણ બાયડને પુનઃ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું કેન્દ્ર મળી શકે તેમ હતું પરંતુ રાજકીય કિન્નાખોરી કે અન્ય કારણોસર પરીક્ષા કેન્દ્ર ન મળતાં બાયડ, ગાબટ, સાઠંબા, ડેમાઈ, તેનપુર, ભૂડાસણના ૩૫૦ થી વધુ છાત્રોને બોર્ડની પરીક્ષા આપવા માટે ૩૨ કી.મી.દૂર મોડાસા જવાની નોબત આવી છે. જ્યારે ચોઈલાનું ધો.૧૦નું પરીક્ષા કેન્દ્ર છેલ્લા ૧૫ વર્ષથી શરૂ કરવામાં આવ્યું છે અને ચોઈલા કેળવણી મંડળ દ્વારા પણ બોર્ડ સભ્યો અને જે તે સમયના શિક્ષામંત્રી સમક્ષ રજૂઆત પછી પણ રદ્ કરાયેલું કેન્દ્ર ફરી શરૂ કરાયું નથી. જેના કારણે ચૌલા પરીક્ષા કેન્દ્રમાં વર્ષોથી ધો-૧૦ની પરીક્ષા આપતા ચોઈલા, વાસણીરેલ, ડાભા, રમાસ, છાપરીયા (વાંટા) હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને અન્ય પીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા આપવાની નોબત આવી છે. બાયડના કેટલાક વાલીઓએ જણાવ્યું કે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં નહીં આવે તો આ અંગે જરૂર પડે વડાપ્રધાન સુધી પણ રજૂઆત કરવામાં આવશે.

# ગ્રામ પંચાયતોની ચૂંટણી સમયે દારૂની હેરાફેરી રોકવા પોલીસ ઉધા માથે

ગામ પંચાયતોની ચૂંટણી સમયે વિદેશી-દારૂની હેરાફેરી રોકવા પોલીસ ઉધા માથે થઈ છે. અરવલ્લી જિલ્લામાં ગત રોજ પોલીસે બાયડના વાત્રક અને શામળાજીના અણસોલ પાસેથી બે વાહનોમાં ઘુસાડવામાં આવતો ૭,૩૬,૦૪૦નો વિદેશી દારુનો જથ્થો ઝડપી પાડ્યો છે, પોલીસે નાકાબંધી અને વાહન ચેકીંગ દરમિયાન અણશોલ પાસે વિદેશી દારૂ ભરેલું વાહન ઝડપી પાડવાની સાથે ૨ આરોપીઓની અટકાયત કરી છે. જ્યારે વાત્રક પાસે ભરેલી કારનો ચાલક પોલીસને જોતાં જ કાર મૂકી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે બાયડ અને શામળાજી પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

જિલ્લામાં થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર નજીક આવે એટલે રાજસ્થાન, હરિયાણા અને પંજાબ સહિતના વિસ્તારોમાંથી વિદેશી દારુ ભરેલા વાહનો યેનકેન પ્રકારે જિલ્લામાં ધુસાડવામાં આવતાં હોય છે. તેમાંય આ વખતે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ જાહેર થતાંની માંગમાં ઉછાળો આવતાં ઉચ્ચ કક્ષાએથી પોલીસને સરહદથી ઘુસાડવામાં આવતા વિદેશી દારુ ઉપર રોક લગાવવાની સૂચના અપાઈ છે. બાયડ તાલુકાના વાત્રક પાસે સ્થાનિક પોલીસ પેટ્રોલીંગમાં નિકળી હતી જે દરમિયાન વાત્રક કોલેજ પાસે શંકાસ્પદ કાર રોકવાનો પ્રયાણ કર્યો, જેમાં કારચાલક રુ ૯૫, ૬૪૭ ની કિંમતનો વિદેશી દારૂ સાથેની કાર મૂકી ફરાર થઈ ગયો હતો, પોલીસે વિદેશી દારૂ તેમજ કાર સહિત કુલ ૩,૯૫, ૬૪૭નો મુદામાલ જપ્ત લીધી છે. બીજા બનાવમાં શામળાજી પોલીસ અણસોલ પાસે વાહન ચેકીંગમાં ગોઠવાઈ હતી. દરમિયાન રાજસ્થાન તરફથી આવતી ટ્રકની તલાશી લેવામાં આવતાં અંદરથી ૬,૮૦,૪૦૦નો વિદેશી દારૂ હાથ લાગ્યો હતો. પોલીસે ટ્રકમાં બેઠેલા બે આરોપીઓની અટકાયત કરી પૂછપરછ શરૂ કરી છે.

# સરકારી ગ્રાન્ટના બેફામ દુરુપયોગની આશંકા

## અરવલ્લી જિલ્લાની અનેક પંચાયતોમાં વિકાસના કામોની તપાસનો ધમધમાટ : બાંકડા ખરીદીમાં મોટાપાયે ગોબાચારીની સંભાવના વધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટલી જંગ હવે વધુ આક્રમક બની રહ્યો છે. ત્યારે જિલ્લાની અનેક ગ્રામ પંચાયતોમાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચારની ફરિયાદ પછી તપાસનો ધમધમાટ શરુ થયો છે. વર્ષ ૨૦૧૫-૧૬ થી અત્યાર સુધીમાં થયેલા વિકાસના કામોની કેટલીક ગ્રામ પંચાયતોમાં તપાસ શરુ થઈ છે. જ્યારે બાંકડા ખરીદીમાં મોટાપાયે ગોબાચારીની સંભાવના વધી છે.

જિલ્લાની ગ્રામ પંચાયતોમાં વિકાસના કામોની સાથે ભ્રષ્ટાચારનું વળગણ પણ લાગેલું છે. અરવલ્લી જિલ્લાના ૬ તાલુકાની મુદ્દત પૂર્ણ કરતી તેમજ પેટાચૂંટણી આવી છે તેવી ૧૯૬ ગ્રામ પંચાયતોમાં અનેક નવાં રાજકીય સમીકરણો ઉમેવારીપત્ર ભરાયા પછી સામે આવ્યાં છે. ત્યારે જિલ્લાની કેટલીક ગ્રામ પંચાયતોમાં છેલ્લા ૫ વર્ષમાં મંજૂર થયેલા કામો અને તે કઈકઈ યોજનામાં કરવામાં આવ્યા હતા..?? તે કામોની વિગતો અને ફાળવેલી ગ્રાન્ટ અને હયાત સ્થિતિ સહિતની તપાસનો ધમધમાટ શરુ થયો છે, જેમાં ૧૫ ટકા વિવેકાધિન, સાંસદ ફંડ, રાષ્ટ્રીય તહેવાર ઉજવણી સહિતની ગ્રાન્ટો તેમાં જે પણ વિકાસના કામો થયા તે વિકાસ કામોમાં કોઈ ગફલો થયો નથી ને?? તેની નવેસરથી તપાસ શરુ થઈ છે.

જ્યારે અરવલ્લી જિલ્લામાં જિલ્લા પંચાયત સીટ વિસ્તારમાં બાંકડાઓની ફાળવણી કરવામાં આવી હતી અને એક જિલ્લા પંચાયત સીટ દીઠ સરેરાશ ૧૦૦ થી ૧૫૦ બાંકડા ફળવાયા હતા પરંતુ અનેક વિસ્તારોમાં જે ગ્રાન્ટ ફાળવવામાં આવી તેની સામે ઓછા બાંકડા હોવાની પણ સ્ફોટક વિગતો પ્રકાશમાં આવી શકે છે. આધારભૂત સૂત્ર એ આપેલી જાણકારી અનુસાર ઑગસ્ટ-૨૦૧૬થી અત્યાર સુધી ફાળવવામાં આવેલી વિવિધ યોજનાકીય ગ્રાન્ટો અને વિકાસના કામોની તપાસના કારણે અનેક સરપંચ - તલાટી કમ મંત્રીઓ તેમજ પૂર્વ જિલ્લા પંચાયતના સદસ્યોની ઉંઘ હરામ થઈ ગઈ છે.